NHS

# શું તમે જાણો છો કે ડૉક્ટરની પ્રેક્ટિસ દ્વારા પૂરી પડાતી સારવાર બધા માટે વિના મૂલ્યે છે?



# આજે જ એક ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કરાવો!

Leicester City Clinical Commissioning Group, West Leicestershire Clinical Commissioning Group, East Leicestershire and Rutland Clinical Commissioning Group

# શું તમે લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલેન્ડમાં રહો છો તથા એક સ્થાનિક ડૉક્ટર નથી ધરાવતા?



તમે એક ડૉક્ટરની પ્રેક્ટિસ પાસેથી સ્વાસ્થ સંભાળ અને સારવાર મેળવી શકો છો. આ બધા માટે વિના મૂલ્યે છે. ડૉક્ટર એક સ્થાનિક ફેમિલી ડૉક્ટર છે ડૉક્ટર પાસેથી સંભાળ અને સારવાર મેળવવા માટે તમારે તમારા સ્થાનિક ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કરાવવી જરૂરી છે.




તમને ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે કામ કરતા હોય તેવા અન્યો લોકો તરફથી પણ સંભાળ મળી શકે, જેમ કે નર્સ અને ફાર્માસિસ્ટ. તમે તમારા સ્થાનિક વિસ્તારમાં કોઈપણ ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કરાવી શકો છો, બસ તેમની પાસે નવા દર્દીઓ માટે જગ્યા હોવી જોઈએ.



ડૉક્ટરના રિસેપ્શન અથવા એક ડૉક્ટર નોંધણી અધિકારીનો સંપર્ક કરીને નોંધણી કરાવવા વિશે પૂછો. ડૉક્ટરના રિસેપ્શનિસ્ટ તમને એક નોંધણી પત્રક ભરવા માટે જણાવશે. જો જરૂર પડે તો પત્રક ભરવા માટે મદદ માંગો અને તે ડૉક્ટરના રિસેપ્શન પર પરત કરો. તમે તમારા સ્થાનિક ડૉક્ટર સાથે નોંધણી કરાવો એટલે, તેઓ તમારી હાલ ચાલતી તબીબી સંભાળનું ધ્યાન રાખશે.

## નોંધણી કરાવવાના લાભ



તમે નોંધણી કરાવી લો, તે પછી તમે અનેક સેવાઓનો ઉપયોગ કરી શકશો, જે તમારી તબિયત સારી ન હોય ત્યારે તમારી સારવાર કરશે અને કોઈ સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે જાણવામાં મદદ કરશે.




ડૉક્ટરની પ્રેક્ટિસ પાસેથી સંભાળ મેળવવી એ તમને તમારા સ્વાસ્થ્ય વિશે નિર્ણયો લેવામાં મદદ માટેનો અને તમારે માટે યોગ્ય સારવાર પ્રાપ્ત કરવાનો એક મહત્ત્વનો રસ્તો છે.

જો તમને કોઈ હૉસ્પિટલ ખાતે વિશેષ સંભાળ અથવા અન્ય સેવાઓની જરૂર હોય તો, તમારી ડૉક્ટરની પ્રેક્ટિસ આ પાર પાડી આપશે.



તમારી ડૉક્ટરની પ્રેક્ટિસ એ સુનિશ્ચિત કરશે કે તમને અને તમારા પરિવારને રોગપ્રતિરક્ષણ અને રસીકરણ માટે તમારા ઇન્જેક્શનો આપવામાં આવે. આ તમને અમુક ચોક્કસ ચેપ અને રોગો સામે રક્ષણ આપશે. **ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કરાવવી તમને કોવિડ રસી મૂકાવવામાં મદદ કરશે.**

---

## તમે ક્યાં રહો છો તેના પુરાવાની તમને જરૂર પડશે?

તમે જ્યાં રહો છો તેનો પુરાવો હોય તે મદદરૂપ રહેશે, પરંતુ જો તમારી પાસે એવા કોઈ દસ્તાવેજો ન હોય જે દર્શાવે કે તમે ક્યાં રહો છો, તો પણ તમે ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કરાવી શકો છો.



જો તમે કોઈ આશ્રય ઇચ્છી રહેલ, વિસ્થાપિત, ઘર વિનાના દર્દી અથવા કોઈ વિદેશી મુલાકાતી હોવ, તમે UKમાં કાયદેસર રીતે છો કે નહિ તેનાથી અસંબદ્ધ, આ પ્રક્રિયા સમાન જ રહેશે.

---

## શું તમને કોઈ પ્રકારના ઓળખપત્રની જરૂર પડશે?




ડૉક્ટર પાસે નોંધણી કરાવતી વખતે તમારે આઇડી, ઇમિગ્રેશન સ્થિતિ અથવા NHS નંબર બતાવવાની **જરૂર નથી**, પરંતુ તેમ કરવું મદદરૂપ હોય છે.




તમારા ડૉક્ટર પાસે નોંધણી કરાવતી વખતે તમે આમાંનો ઓછામાં ઓછો એક દસ્તાવેજ પૂરો પાડી શકો તો તે મદદરૂપ બનશે:

- પાસપોર્ટ
- જન્મનું પ્રમાણપત્ર
- બાયોમેટ્રિક રહેઠાણ પરવાનગી
- મુસાફરીનો દસ્તાવેજ
- HC2 પ્રમાણપત્ર
- ARC કાર્ડ
- યુટિલિટી (વીજળી, વગેરે)નું બિલ

# ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કેવી રીતે કરાવવી



તમે ઇંગ્લૅન્ડમાં અથવા કોઈ નવા વિસ્તારમાં આવો એટલે શક્ય તેટલી જલ્દી નોંધણી કરાવો જેથી કરીને તમે બિમાર પડો ત્યારે ડૉક્ટર પાસે જઈ શકો.

તમારી જરૂરિયાતો સાથે બંધ બેસતી હોય તેવા ડૉક્ટર શોધો. ડૉક્ટરની પ્રેક્ટિસ શું પૂરું પાડે છે તે વિશે તમે જાણકારી શોધી શકો છો.

**તમારી સૌથી નજીકના ડૉક્ટરની પ્રેક્ટિસ શોધવા અહીં જાઓ:**
**www.nhs.uk/service-search/find-a-GP**

તમે તમારા સ્થાનિક ડૉક્ટરની પ્રેક્ટિસ અથવા અમારા ડૉક્ટર નોંધણી અધિકારીઓનો સંપર્ક કરી શકો છો. તેઓ ડૉક્ટરની પ્રેક્ટિસ ખાતે નોંધણી કેવી રીતે કરાવવી અને જ્યારે તમારી તબિયત સારી ન હોય ત્યારે સ્વાસ્થ્ય સંભાળ કેવી રીતે પ્રાપ્ત કરવી તે અંગેના પ્રશ્નો વિશે તમને મદદ કરશે.

SCAN ME

## વધુ માહિતી માટે કૃપા કરીને અહીં મુલાકાત લો

**www.leicestercityccg.nhs.uk/you-and-your-gp-practice**

## અથવા તમારા સ્થાનિક ડૉક્ટર નોંધણી અધિકારીઓનો સંપર્ક કરો

**Prakash Patel** (પ્રકાશ પટેલ)
07824 821101
Prakash.Patel10@nhs.net

Leicester City Clinical Commissioning Group, West Leicestershire Clinical Commissioning Group, East Leicestershire and Rutland Clinical Commissioning Group